ગાંધીનગર સમાચાર
તા. ૭-૧૨-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### ઓબામા ઝૂકતા હૈ, ઝુકાનેવાલા ચાહિયે

વિશ્વના સૌથી શક્તિશાળી નેતા અમેરિકાના પ્રમુખ બરાક હુસેન ઓબામા ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વ્યક્તિત્વ અને કાર્યશૈલીથી પૂરેપૂરા પ્રભાવિત થઇ ગયા છે. કયારેક મોદીને ૨૦૦૨ ના અનુગોધરા નરસંહારના ખલનાયક ગણી અમેરિકાના વિઝા પણ આપવાનો ઇનકાર કરનારા આ શક્તિશાળી આંતરરાષ્ટ્રીય નેતા હવે એમની પ્રશંસાની એક પણ તક જવા દેતા નથી. મોદીએ લોકસભાની ચૂંટણી એકલા હાથે જીતી બતાવ્યા પછી દુનિયા આખીને ઘેલું લગાડયું છે, જેની અસરમાં ખુદ ઓબામા પણ આવી ગયા છે. અમેરિકામાં રોક સ્ટાર સમોવડી લોકપ્રિયતાનું નિદર્શન કરનાર મોદીએ નવરાત્રીના ઉપવાસ હોઇ ઓબામાએ એમના સમ્માનમાં યોજેલ ડિનર પાર્ટીમાં ફકત હૂંફાળું લીંબુ પાણી જ લીધું હતું. યજમાન ઓબામાએ પણ મહેમાનનું માન જાળવવા ડિનરમાં જયુસ જ લઇને એમની ખાનદાની દર્શાવી હતી. એ પછી મોદી સાથે માર્ટિન લ્યૂથર કિંગ અને બુકર ટી. વોશિંગટનની પ્રતિમાઓનાં દર્શન કરવા ઉપરાંત ઓબામાએ જે ચર્ચાવિચારણા કરી હતી એથી તેઓ એક તારણ પર આવ્યા તે એ કે મોદી 'મેન ઓફ એકશન' છે. મ્યાંમાર ખાતે યોજાયેલ જી-૨૦ શિખર પરિષદમાં એમણે મોદી માટે આ શબ્દો ઉચ્ચાર્યા હતા, જે ભારતીય વડાપ્રધાન માટે કોઇ પણ યુનિવર્સિટીના પ્રમાણપત્ર કરતાં વધુ મહત્ત્વના ગણાય. તાજેતરમાં અગ્રણી વેપારીઓ અને ઉદ્યોગપતિઓ સાથેની ઉચ્ચસ્તરીય બેઠકમાં પણ ઓબામાએ મોદીની મન મૂકીને પ્રશંસા કરી છે. મોદીએ બ્યુરોક્રસીને દોડતી કરી મૂકી છે, આળસ ખંખેરીને સમયબદ્ધ કામગીરી બજાવતી કરી દીધી છે - એવો અભિપ્રાય આપી ઓબામાએ કહ્યું કે હતું કે અત્યાર સુધીની વડાપ્રધાન મોદીની કામગીરીથી હું ઘણો જ પ્રભાવિત થયો છું. એમણે અલબત્ત, આ બ્યુરોક્રસીને આ જ ઝડપે કામ કરતી રાખવી તે ઘણી લાંબી પ્રક્રિયા છે, એમ કહી મોદી એમના ધાર્યા સંકલ્પ સિદ્ધ કરવામાં સફળ થાય, એવી શુભેચ્છા પાઠવી છે. મોદીએ આગામી ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૫ની પ્રજાસત્તાક દિનની ઊજવણી નિમિત્તે ઓબામાને મુખ્ય મહેમાન તરીકે હાજર રહેવા નોતરું પાઠવ્યું છે એનો પણ ઓબામાએ સહર્ષ સ્વીકાર કર્યો છે. ભારતના ઇતિહાસમાં પહેલીવાર અમેરિકાના પ્રમુખ પ્રજાસત્તાક દિવસની પરેડ વેળાએ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. કયારેક જે દેશમાં મોદીને પગ દેવાના સાંસા હતા, એ જ દેશનો વડો આજે ભારતના વડાપ્રધાન મોદીનો મુરીદ બની ગયો હોય તો કોઇ પણ ભારતીય નાગરિકની છાતી ગજ ગજ ફૂલવી જોઇએ. જો કે અમેરિકા તો ભારતને એનું ફળદ્રુપ બજાર ગણીને ગણતરીપૂર્વકનો વ્યવહાર કરનારો દેશ છે. તેથી કેટલાકને ઓબામા મોદી પર જે રીતે ઓળઘોળ થઇ રહ્યા છે, એની પાછળ અમેરિકાનો રાજકીય, આર્થિક અને વ્યાપારિક સ્વાર્થ જ દૃષ્ટિગોચર થાય તે સ્વાભાવિક છે. છતાં, વિશ્વના સૌથી શક્તિશાળી નેતાને બદલે 'ટાઇમ્સ' જયારે 'પર્સન ઓફ ધ ઇયર' તરીકે મોદી પર પસંદગી ઉતારે ત્યારે એમાં જરૂર કશોક ચમત્કાર કે દિવ્યકૃપા જ હોવી જોઇએ - એમ માનવું જ રહ્યું.

## એસ.જી. પ્રાથમિક શાળામાં કેન્ડલ ડેકોરેશન અને 'ટ્રાફિક સિગ્નલ્સ' અંગે કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં તાજેતરમાં ધો-૫ થી ૮ માટે કેન્ડલ ડેકોરેશન અને ધો-૧ થી ૪નાં વિદ્યાર્થીઓ માટે 'ટ્રાફિક સિગ્નલ્સ' ની જાણકારી આપતો કાર્યક્રમ યોજાઈ ગયો.

શાળાના આચાર્યાના માર્ગદર્શન હેઠળ ધોરણ-૫થી ધો-૮ના વિદ્યાર્થીઓએ કેન્ડલ ડેકોરેશનમાં ભાગ લઈ પોતાની કલા શકિતને અભિવ્યકત કરી હતી. બાળકોએ મીણબત્તીને સુંદર રીતે શણગારી હતી. જુદા જુદા રંગ અને મટીરીયલ્સ દ્વારા બાળકોએ કેન્ડલને આકર્ષક બનાવી હતી. જેમાં બાળકોની કલ્પનાશકિત અને સર્જન શકિતનું દર્શન થયું હતું. આ ઉપરાંત ધોરણ-૧ થી ૪ના બાળકો માટે ટ્રાફિકના જુદા જુદા સિગ્નલ્સની માહિતી આપતો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાળકોએ સુંદર ચાર્ટસ તૈયાર કર્યા હતા. ચાર્ટસમાં રંગીન ચિત્રો-સિગ્નલ્સ દર્શાવ્યા હતા. બાળકોને આ અંગે પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી જેમાં દરેક વિદ્યાર્થીઓ રસપૂર્વક ભાગ લીધો હતો. વર્ગ શિક્ષકોએ પણ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

શાળાના આચાર્યા દ્વારા ભાગ લેનાર દરેક વિદ્યાર્થીને અભિનંદન આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓની કલા શકિતને બિરદાવવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ...




સાહેબ, અમે વીઆરએસ લીધેલા બેંક કર્મચારી જ છીએ.... આ લોકોની જગ્યાએ અમે કામ કરી દઈએ બોલો..!!

## ગાંધીનગર જિલ્લા દલિત સેનાએ ડૉ. બાબા સાહેબને પુષ્પાંજલિ અર્પી

ગાંધીનગર, તા.૫

ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરને તા. ૬ઠ્ઠી ડિસેમ્બરે પુષ્પાંજલિ અર્પવામાં આવી હતી. દલિત સેનાના જિલ્લા પ્રમુખશ્રી બાબુભાઈ મેસરવાલા, મહામંત્રીશ્રી દિનકરભાઈ પરમાર, ઉપપ્રમુખશ્રી ગુલાબચંદ પટેલ, દાનાભાઈ મિસ્ત્રી, રમેશભાઈ વાણીયા તેમજ આર.કે. પરીખ અન્ય સભ્યોએ પુષ્પાંજલિ અર્પી હતી. ડૉ. બાબા સાહેબ અમર રહોના નારા ઉચ્ચારવામાં આવ્યા હતા

## ચૌધરી કોલેજમાં સંસ્કૃત શ્લોક ગાન તાલીમ વર્ગ યોજાયો



ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સે-૭માં આવેલ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તાજેતરમાં સંસ્કૃત શ્લોક ગાન તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ વર્ગમાં પહેલા વર્ષમાં અભ્યાસ કરતી ૪૪ વિદ્યાર્થીનીઓને ગુજરાત યુનિ.માં એમ.ફીલ.ના વિદ્યાર્થી અને સંસ્કૃત પાઠશાળામાં ભણેલ નીતશ ઉપાધ્યાયે શ્લોક ગાનની તાલીમ આપી હતી.

આ તાલીમ વર્ગ દરમિયાન કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી શ્લોક અને સંગીતના તાદાત્મ્યનું મહત્વ સમજાવ્યું હતું તેમજ સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. મીનાબેન વ્યાસે ભગવદગીતામાંથી માનસિક શાંતિ અંગેના શ્લોકોની વિદ્યાર્થીનીઓને પસંદગી કરાવી હતી જેથી સમાજોપયોગી અને વ્યકિત વિકાસલક્ષી સંસ્કૃત વિરુધ્ધ ચેન્ટિંગ સીંગીગી માટેની વિદ્યાર્થીનીઓ તેમની સમજ કેળવી શકે આ કાર્યક્રમ દરમિયાન સીડબલ્યુડીસીના કન્વીનર ડૉ. લીલાબેન સ્વાદિયાએ સંસ્કૃત શ્લોકમાં રહેલ માનસિક શાંતિ સ્ત્રી જીવનમાં મહત્વની છે તે સમજાવી હતી. આ તાલીમ વર્ગના અંતે આ વિષયની રજૂઆત માટે ડૉ. મૃણાલિનીબેન તેમજ પ્રા. અસ્મિતાબેન વાઘેલાના નિર્ણાયક પદે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં કાજલ પારેખ, રશ્મિ પંડયા, રીપલ રાઠોડ, મહિમા ઉપાધ્યાય અને મમતા પરમાર વિજેતા નિવડયા હતાં.

## આજે હિન્દુ કોડબીલ અને ડૉ. બાબા સાહેબ આંબેડકર વિષય પર પરિસંવાદ

ગાંધીનગર, તા.૫

દેશના બંધારણના ઘડવૈયા અને ભારત રત્ન ડો. બાબા સાહેબ આંબેડકરની ૫૮મી પુણ્યતિથીએ ગાંધીનગરમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ડો. બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ દ્વારા તા. ૭મી ડિસેમ્બરે રવિવારે સાંજે ૪ વાગે સે-૧૨ના ડો. આંબેડકર ભવન ખાતે 'હિન્દુ કોડબીલ અને ડો. બાબાસાહેબ આંબેડકર' વિષય પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પરિસવાદમાં દલિત સાહિત્યકાર અને નિવૃત્ત આઈએએસ પી.કે. ગઢવી વકતવ્ય આપશે. ડો. બાબા સાહેબ સમિતિ અને અનુસુચિત જાતિ એકતા મંચના સંયુકત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં ગાંધીનગરની દલિત સમાજની સંસ્થાઓ, કર્મશીલો અને યુવાનોને ઉપસ્થિત રહેવા સમિતિના પ્રમુખ પ્રવીણભાઇ શ્રીમાળીએ અપીલ કરી છે.

## ગાંધીનગર ટે-ક્વોન-ડો ટીમને ખેલ મહાકુંભમાં ૯ ચંદ્રક

રાજય સરકાર દ્વારા તાજેતરમાં આયોજિત ખેલ મહાકુંભમાં ટે-ક્વોન-ડૉ સ્પર્ધા સુરતના બારડોલી ખાતે યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગરની



ટે-ક્વોન-ડૉ ટીમે ૯ ચંદ્રકો પ્રાપ્ત કર્યા હતા. આ વિજેતા ટીમના ખેલાડીઓમાં કિશન પ્રજાપતિને સુવર્ણ ચંદ્રક, મિલી ટાટારીયા, વિકાસ યાદવ અને નિર્મલ કવિને રજત ચંદ્રક તેમજ જૈમિન શ્રીમાળી, સાહિલ ભાવસાર, પૂજા પિયાવંશી, મનાલી વ્યાસ અને દિપેશ ઠકુલાને કાંસ્ય ચંદ્રક પ્રાપ્ત થયો હતો. આ ટીમને તાલીમ તથા માર્ગદર્શન ચીફ કોચ જતીન દવે, ઈન્સ્ટ્રકટર મિલન કંસારા અને અજય જાડેજાએ આપ્યું હતું. ગાંધીનગર ટે-ક્વોન-ડૉ એસોસિએશનના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશભાઈ સંભવાણી તથા વાઈસ પ્રેસિડેન્ટ અશ્વિનભાઈ પટેલે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતાં.

## ગાયત્રી પરિવાર દ્વારા રાંધેજા ખાતે સ્વચ્છતા અભિયાનનું આયોજન

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના ગાયત્રી પરિવાર દ્વારા આગામી તા. ૨૧મી ડિસેમ્બર રવિવારે સવારે ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી રાંધેજા ગામે સ્વચ્છતા અભિયાનનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જનભાગીદારીથી સ્વૈચ્છિક શ્રમદાન દ્વારા જનકલ્યાણ અર્થે સામૂહિક સફાઈ અભિયાન ચલાવવામાં આવશે. આ અભિયાનમાં હરિદ્વારના અખિલ વિશ્વ ગાયત્રી પરિવારની પ્રેરણાથી ગાંધીનગર જિલ્લા ગાયત્રી પરિવાર તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓ, રાંધેજા ગામના ગ્રામજનો અને જિલ્લા પંચાયતની આરોગ્ય શાખાના સહયોગથી સામૂહિક સફાઈ કાર્યનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન દરમિયાન રાજય સરકારના મંત્રીઓ તેમજ જિલ્લા પંચાયતના અધિકારીઓ, પદાધિકારીઓ અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહેશે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકરને શ્રધ્ધાંજલિ અપાઈ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની સિધ્ધાર્થ લો કોલેજમાં આજે ડૉ. બાબા સાહેબ આંબેડકરના ૫૯માં મહાપરિનિર્વાણ દિને ટ્રસ્ટી ગણ, આચાર્ય તેમજ સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ દ્વારા તેમના જીવન ચરિત્રને યાદ કરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને ફુલમાળા તથા પુષ્પગુચ્છ પણ અર્પણ કરવામાં આવ્યા હતાં.


# ૨૦૧૧માં 'હીરો'... ૨૦૧૫માં 'ઝીરો' : કોણ હશે લાસ્ટ ફીફટીન ??

મહેન્દ્રસિંહ ધોની, શિખર ધવન, રોહિત શર્મા, અંજીકેય રહાણે, રોબીન ઉથ્થપ્પા, વિરાટ કોહલી, સુરેશ રૈના, અંબાતી રાયડુ, કેદાર જાદવ, મનોજ તિવારી, મનીષ પાંડે, સહા, સંજુ સેમસન, અશ્વિન, પરવેઝ રસુલ, કરન શર્મા, અમિત મિશ્રા. રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, ઈશાંત શર્મા, ભુવનેશ કુમાર, સામી, ઉમેશ યાદવ, વરુણ અરોન, કુલકર્ણી, બિન્ની, મોહિત શર્મા, અશોક ડીન્ડા, કુલદીપ યાદવ અને મુરલી વિજય. આ છે વર્લ્ડકપ ૨૦૧૫ માટેની ભારતીય ક્રિકેટ ટીમના ૩૦ સભ્યો કે જેમાંથી આખરી ૧૫ ખેલાડીઓ ૭ મી જાન્યુઆરી સુધીમાં સિલેક્ટ થશે. લીસ્ટને ફરી ફરી ને અને બિલોરી કાચથી વાચ્યા પછી ઉડીને આખે વળગે એવી વાત છે ૨૦૧૧ના વર્લ્ડકપ વિજયના મહારથીઓની બાદબાકીની.

ડેશિંગ બેટ્સમેન વીરુ, સ્ટાયલીસ યુવી, હરભજન, ઝહિર અને ગંભીરની આ સ્કોવ્ડમાંથી થયેલી બાદબાકીના ક્રિકેટ ચાહકોમાં મિશ્ર પ્રત્યાઘાતો પડ્યા છે. ૨૦૧૧ની વિશ્વ વિજેતા ટીમના આ પાંચેય સૈનિકો હતા એટલે એમની બાદબાકીની ચર્ચા વધુ થાય એ સ્વાભાવિક છે. સ્વાભાવિક જ પ્રશ્ન ઉઠે કે ફક્ત ચાર જ વર્ષમાં આ હીરોલોગ કેવી રીતે બિસિસિઆઈની નજરમાં બીગ ઝીરો થઈ ગયા. સવાલ વ્યાજબી છે અને જીગરને ઠેકાણે રાખીને વિચારો તો જે જવાબ મળશે એ પણ વ્યાજબી જ મળશે. ૩૦ ખેલાડીઓની યાદી પર ફરી નજર નાખતા એક વસ્તુ સમજાય જાય છે કે સિલેકટરોએ યુવાનો પર પસંદગીનો કળશ ઢોળ્યો છે. અનુભવની સામે દેખાવને વધુ મહત્વ અપાયું છે ને કદાચ એ જ કારણ છે કે છેલ્લા એકાદ વર્ષથી નબળો દેખાવ કરી રહેલા ખેલાડીઓનું પત્તું કપાયું છે.

નબળો દેખાવ ? યસ આ રહ્યા આંકડાઓ. ૨૦૧૧નાં વર્લ્ડકપમાં બાંગ્લાદેશ સામે ૧૭૫ રનની તુફાની પારી રમનાર અને છેલ્લે ૨૦૧૩માં પાકિસ્તાન સામે વન-ડે રમનાર વીરુની એવરેજ બે વર્ષના ૧૩ વન-ડે માં ૨૦ની આસપાસ રહી છે તો બિલકુલ એ જ અંદાજમાં છેલ્લા વર્લ્ડકપની ફાઈનલમાં ૯૭ રન કરનાર ગંભીરની પણ છેલા બે વર્ષના ત્રીસેક વન-ડેમાં એવરેજ ૨૩ ની આસપાસ રહી છે. આ ઉપરાંત ડોમેસ્ટિક ટુર્નામેન્ટ જેવી કે વિજય હઝારે ટ્રોફીમાં પણ આ બંનેનો દેખાવ નિમ્ન રહ્યો છે. બંનેએ ૬ દાવમાં ફક્ત એક જ ફિફ્ટી નોંધાવેલી તો એ જ ટુર્નામેન્ટમાં ભજ્જી એ ૬ મેચમાં ફક્ત ૭ વિકેટ જ ઝડપેલી અને છેલે આફ્રિકા સામે ૨૦૧૩માં મેચ રમેલો અને ૨૦૧૧નાં વર્લ્ડ કપનો પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ યુવી પણ આ ડોમેસ્ટિક મેચોમાં પાંચ મેચમાં કુલ ૧૬૮ રન ફટકારી શકેલો. ઝહીરની તો વાત જ નથી થાય એમ કેમકે ઈજાઓને લીધે ઝહિર તો છેલ્લા એકાદ વર્ષથી ક્રિકેટથી જ દુર છે અને એના ફિટનેસ પ્રોબ્લેમને લીધે તો એને મુંબઈની રણજી ટીમમાં પણ જગ્યા નહોતી મળી. આમ જોવા જઈએ તો આ ચારેય ખેલાડી લગભગ એકાદ વર્ષથી પણ વધુ સમયથી રાષ્ટ્રીય ટીમમાંથી બહાર જ છે એમાય હરભજન જેવા તો ત્રણેક વર્ષથી.

સિલેકશન વખતે આ બધા જ સીનીયરોને પણ ધ્યાનમાં લેવામાં આવેલા પણ યુવા ખેલાડીઓનું સાતત્યભર્યું પ્રદર્શન અને કેપ્ટન ધોનીના સૂચનોને આ ૩૦ ખેલાડીઓની પસંદગી વખતે ધ્યાનમાં લેવાયા છે આ છે બીસીસીઆઈના સેક્રેટરીની સ્કવોડની પસંદગી ઉપરની પ્રીતીક્રિયા. ઉપરના આંકડાઓ અને ૩૦ની ટીમના મોટાભાગના ખેલાડીઓના તાજેતરના દેખાવોને ધ્યાનમાં લેતા પસંદગી સમિતિનું આ વિધાન જરાય ખોટું નથી લાગતું. આ વખતનો વર્લ્ડ કપ ઓસ્ટ્રેલીયા અને ન્યુઝીલેન્ડની બાઉન્સી પીચો પર રમવાનો છે અને આપણે જાણીએ જ છીએ કે આ પીચો પર આપણા શેરો કેવા ઢેર થઈ જાય છે એટલે કદાચ એક ક્ષણે એવું પણ લાગે કે આવા અનુભવીઓ જો ટીમમાં હોત તો સારું રહેત પણ એ નાં ભૂલવું જોઈએ કે યુવા ખેલાડીઓને જયારે જયારે તક આપવામાં આવી છે ત્યારે ત્યારે એમણે શાનદાર દેખાવ કરેલ છે. સિલેક્ટરોના આ પગલાથી મને કોઈ નવાઈ નથી લાગી આ શબ્દો છે સુનીલ ગાવસ્કરના. સુનીલનું કહેવું છે કે જો એમણે સ્થાનિક ક્રિકેટમાં પણ જો સારું પ્રદર્શન કર્યું હોત તો પણ એમની ૩૦માં પસંદગીના ચાન્સીસ રહેત પણ અફસોસ કે છેલ્લા દોઢેક વર્ષથી આમાંથી કોઈનું પણ નોંધપાત્ર પ્રદર્શન નથી રહ્યું. સુનીલની વાત સાચી પણ છે આફ્ટર ઓલ ક્રિકેટ એ ઈન ફોર્મ ખેલાડીઓની રમત છે. જો તમે સારું



**રજળપાટ**

અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

રમી નથી શક્ય હોવ તો સિલેક્ટ થઈને પણ પ્રદર્શન સુધરે એવી આશાઓ રાખવી વ્યર્થ છે. અનુભવની ક્રિકેટમાં ઉચી મહત્તા છે એની ના નહી પણ સામે એ પણ જોવું જ રહ્યું કે ફોર્મ વગરના ખેલાડીને ટીમમાં સમાંવાથી કોઈ સતત સારો દેખાવ કરતા ખેલાડીને બહાર બેસવું પડે છે અને એની અસર ટીમની જીતવાની સંભાવના પર પણ પડે છે.

શું આ ખેલાડીઓની કેરિયર સમાપ્ત થઈ ગઈ એમ કહી શકાય? જવાબ છે બિલકુલ નહિ. ઓલમોસ્ટ આ બધા જ પડતા મુકાયેલા હીરોઝમાંથી મોટાભાગના હજુ ફીટ છે અને એમનામાં થોડું ઘણું ક્રિકેટ હજુ પણ બાકી છે. શર્ટ એ છે કે સ્થાનિક મેચોમાં એમણે પોતાને મળતા મોકાનો ઉપયોગ કરીને સારું પ્રદર્શન કરવું જ રહ્યું. કોઈ ક્રિકેટ સંઘની ભલામણથી કે કોઈ દબાવથી ટીમમાં સામેલ થવું હવે મુશ્કેલ છે અને એનું કારણ છે નવા ખેલાડીઓનો સારો દેખાવ. રહાણે, વિરાટ, ધવન અને રોહિત એકદમ સારો અને શ્રેષ્ટ દેખાવ કરી રહ્યા છે ત્યારે પોતાનું સ્થાન ભારતીય ક્રિકેટ ટીમમાં પરત મેળવવું આ પાંચેય માટે મુશ્કેલ તો છે જ અને જો એમાયે યંગ બ્લડ ટીમ વર્લ્ડકપમાં સારો દેખાવ કરી જાય તો આ પાંચેય માટે નેશનલ ટીમના દ્વાર હમેશ માટે બંધ થઈ જાશે એમ કોઈ બેમત નથી જ.

વર્લ્ડકપના સંભવિત ૩૦ પર નજર નાખીએ તો ફાઈનલ ૧૫ની પસંદગી કરવી આમ જુઓ તો કઈ ખાસ અઘરી નથી બની રહેતી. ટોપ ઓર્ડરમાં ધવન, કોહલી, રૈના, શર્મા અને રાયડુ પ્રબળ દાવેદાર છે અને પોતાની તાજેતરની રમતથી એકબીજાને સોલીડ હરીફાઈ પૂરી પડી રહ્યા છે. આ વર્લ્ડકપમાં જો શાનદાર દેખાવ કરવો હશે તો ટોચના આ પાંચેય ખેલાડીઓએ પોતાની બધી જ તાકાત, કુનેહ અને આવડતને કામે લગાડવી પડશે જ કેમકે ઓસ્ટ્રેલીયા અને ન્યુઝીલેન્ડની છળ વાળી પીચો પર જો શરૂઆતમાં જ ટીમનો ધબડકો થઈ જાય તો પછી મિડલ ઓર્ડરના ખેલાડીઓએ બાજી સંભાળવી મુશ્કેલ થઈ પડે છે એ જુની ને જગજાહેર વાત છે. ધવન અને રોહિતની તાજેતરની આક્રમક ઈનીન્ગ્સો એ વાતનો સંકેત છે કે આવનારા દિવસોમાં આ બંનેના બેટમાંથી ચોક્કસપણે રનનો ધોધ વહેવાનો છે. તો વિરાટ માટે જેટલું લખીએ એટલું ઓછું છે. વિરાટની સિધ્ધિઓ એના નામ પ્રમાણે જ વિરાટ બનતી જાય છે. આપણી ટીમનો આ એક એવો આધારભૂત બેટ્સમેન છેકે જેના સફળ થવા પર કોઈ શંકા છે જ નહી.

મિડલ ઓર્ડરમાં ખુદ ગબ્બર ધોની અને આપણો ગુજ્જુ જાડેજાનો સમાવેશ ટીમને બેલેન્સ આપશે. ધોની પણ જોકે છેલ્લી સીરીઝથી બહાર છે પણ સાચી પરીક્ષા જાડેજાની થશે કેમકે અક્ષર પટેલના રૂપે ઓલરેડી એનો હરીફ ૩૦માં જગ્યા બનાવી ચુક્યો છે. અક્ષરે બોલિંગની સાથે સાથે પોતાની ઉપયોગી બેટિંગના જોરે જ નેશનલ ટીમમાં સ્થાન મેળવેલું છે એ નાં ભૂલવું જોઈએ. અક્ષર એક સારો ઓલરાઉંડર છે એ એને પોતાની ટૂંકી કારકિર્દીમાં સાબિત કરી દેખાડ્યું છે. એક ગુજરાતી તરીકે આપણે એ વાતનો આનંદ લઈ શકીએ કે બે બે ગુજરાતીઓ ૩૦માં સિલેક્ટ થયા છે પણ હા સાથેસાથે એ વાતનો પણ રંજ રહેશે કે ચેતેશ્વર જેવા ક્લાસી બેટ્સમેન માટે હજુ પણ વન ડે માં પોતાની જગ્યા બનાવવી મુશ્કેલ છે.

હજુ છેલ્લા પંદરની તો જાહેરાત થઈ નથી પણ એવું લાગે છે કે અક્ષર અને જાડેજા બંનેને લાસ્ટ ફીફટીનમાં સ્થાન મળશે જ કારણ કે બંને એક યા બીજી રીતે ટીમના કોમ્બીનેશનમાં ઉપયોગી સાબિત થઈ શકે એમ છે. જાડેજાનો વિદેશી પીચો પર દેખાવ સારો રહ્યો છે. જાડેજા સ્લો ટર્નર છે જેનો ઉછાળવાળી પીચો પર અચૂક ફાયદો થશે તો સામે છેડે અક્ષર અશ્વિન અને જાડેજા બંનેને હરીફાઈ પૂરી પડશે એમાં ના નહિ. એમ તો વિકેટકીપર બેટ્સમેન ઉથપ્પા પણ છેલ્લા પંદરમાં સામેલ થવાની કાબેલિયત ધરાવે છે. બોલિંગમાં ઈશાંતની વાપસી એકમાત્ર આચકો કહી શકાય પણ ઈશાંતનો પણ છેલ્લી સિરીઝોમાં દેખાવ સારો જ રહ્યો છે જો કે એને પણ ૧૫માં સામેલ થાય તો પણ ઈલેવનમાં સામેલ થવા માટે યાદવ અને ભુવનેશ સાથે હરીફાઈ તો રહેશે જ.

આખે આખા ૩૦ના લીસ્ટ પર નજર નાખીએ તો એક વિભાગમાં આપણી ટીમ કાચી પડશે એ નક્કી છે અને એ છે બોલિંગ ડીપાર્ટમેન્ટ. માનો કે યાદવ, ભુવનેશ, ઈશાંતને છેલ્લા ૧૫માં સ્થાન મળે તો પણ બાઉન્સી વિકેટ પર આપના આ તોખરોની ઝડપ ઓછી જ પડશે. અફસોસ એ છે કે આપણી પાસે ખરેખર સ્પીડસ્ટાર કહી શકાય એવો કોઈ ફાસ્ટ બોલર નથી જ. ઈશાંત કદાચ એની ઉંચાઈનો ફાયદો લઈને પણ બોલિંગ કરે તો પણ જે ઝડપે ઓસ્ટ્રેલીયા માં બોલ છૂટવા જોઈએ તે નદારદ રહેશે ને કદાચ એનો ફાયદો શરૂઆતની ઓવરોમાં સામેની ટીમ ઉઠાવશે ખાસ કરીને ઓસ્ટ્રેલીયા ને આફ્રિકા. ભુવનેશના બોલ પણ સ્વીંગ થવા સિવાય ઝડપી નથી જ ને એ જ રીતે યાદવના પણ. ૩૦ ના લીસ્ટમાં એક ચહેરો ધ્યાન ખેચે એવો છે અને એ છે રસુલ પરવેઝ નો. જમ્મુ કાશ્મીરનો આ ખેલાડી સારો ઓલરાઉંડર છે અને બાંગ્લાદેશ સામે ઢાકામાં એક વન-ડે રમી ચૂકેલ છે. જો રસુલનો લાસ્ટ પંદરમાં સમાવેશ થશે તો કોનું પત્તું કપાશે જાડેજાનું કે પછી અક્ષરનું કે બીજા કોઈ ઓલરાઉંડરનું એ કહેવું મુશ્કેલ છે? પણ ચોક્કસપણે રસુલ એક સારો ઓલરાઉંડર છે.

વર્લ્ડકપમાં આપણા ચાન્સીસ વિષે વિચારીએ તો કોમેન્ટ્રેટર શુશીલ દોશીના શબ્દોમાં ક્રિકેટ અનિશ્ચિતતાઓ ક ખેલ હૈ એટલે આપણે જ જીતીશું એમ કહેવું અત્યારે તો વધુ પડતું ગણાય પણ બીજી ટીમોની સ્થતિ જોતા સેમી સુધી ભારત પહોચશે એ તો નક્કી કહી શકાય કેમકે મહારથી ટીમો ઈંગ્લેન્ડ અને આફ્રિકા પોતાના ખેલાડીઓને થયેલી ઈજાઓથી પરેશાન છે. પાકિસ્તાનની ટીમની ખુદની જ અંદરુની હાલત વિષે આપણે સૌ જાણીએ છીએ અને એની એ લોકોની રમત પર ચોક્કસ અસર પડવાની જ છે. શ્રીલંકાને હમણાં જ આપણે આપણી ધરતી પર ધૂળ ચાટતું કર્યું છે ત્યારે ઓસ્ટ્રેલીયાને બાદ કરતા ભારત એકમાત્ર એવી ટીમ છે જે વધુ સટીક અને બેલેન્સ છે એવું અત્યારે લાગી રહ્યું છે જો કે સાચી ગણતરી તો રમતના મેદાન પર થનારા દેખાવ પર જ થશે. ઓલ ધ બેસ્ટ ઈન્ડિયા !!!

**વિસામો -**

માય લાસ્ટ ફીફટીન પ્લેયર્સ - મહેન્દ્રસિંહ ધોની, શિખર ધવન, રોહિત શર્મા, વિરાટ કોહલી, સુરેશ રૈના, અંબાતી રાયડુ, અશ્વિન, પરવેઝ રસુલ, રવીન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, ઈશાંત શર્મા, ભુવનેશ કુમાર, સામી, ઉમેશ યાદવ, વરુણ અરોન.